વેકેશનની શિબિર : બાળકોનું ઉનાળું વેકેશન પડતાની સાથે વિવિધ સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે વિવિધ વિભાગોની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઈગલ ન્યુઝ દ્વારા ૧૯મીથી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે સે. ૨૨ ખાતે ચાલતી નાટ્ય પ્રવૃત્તિની તાલીમ લઈ રહેલા બાળકો સાથે તજજ્ઞો નિદર્શન કરી રહ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

ગુજરાતથી વધુ ઝડપે દેશને આગળ વધારવું છે : મોદી

હવાઈ મથકે આવી પહોંચેલા પદનામિત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહનું ભાજપ દ્વારા શાનદાર સ્વાગત

અમદાવાદ, તા. ૨૦

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા આજે કેન્દ્રમાં સરકાર રચવાનું આમંત્રણ મળ્યા બાદ પદનામિત વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાંજે અમદાવાદ આવી પહોંચ્યા હતા. અમદાવાદ હવાઈ મથકે નરેન્દ્ર મોદી તથા અમિત શાહનું ભાજપના આગેવાનો તથા કાર્યકરો દ્વારા શાનદાર સ્વાગત કરવામાં આવ્યો હતો. જ્યાં કાર્યકરોને સંબોધતા નરેન્દ્ર મોદીએ લાગણી સભર શબ્દોમાં જણાવ્યું હતું કે, મને પ્રજાએ ભલે દેશની જવાબદારી સોંપી છે પરંતુ ગુજરાત સાથે મારો નાતો હંમેશા જોડાયેલો છે અને હું ગુજરાત ભાજપના જ પ્રાથમિક સભ્ય તરીકે રહીશ.

નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે હવે આપણી ઉપર ખૂબ મોટી જવાબદારી આવી પડી છે. સામાન્ય પ્રજાના સપના પુરા કરવાના છે. જે ઝડપે ગુજરાત આગળ વધ્યું છે તેનાથી પણ વધુ ઝડપે દેશને આગળ વધારવું છે.

મને ગુજરાતનો અનુભવ કેન્દ્ર અને નવી સરકાર ચલાવવામાં કામ લાગશે. ગુજરાતના વિકાસનું મોડલ હવે દેશના વિકાસનું મોડલ બની રહ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે સવાસો કરોડ દેશવાસીઓ સંકલ્પ કરે તો વિશ્વના વિકસિત દેશોની હરોળમાં આપણો દેશ આવી શકે તેવું સામર્થ્ય આપણામાં છે અને આપણે તે દિશામાં જ આગળ વધવું પડશે.

કોંગ્રેસનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું હતું કે પ્રજાએ વીસ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સંપૂર્ણ રીતે કોંગ્રેસ મુક્ત બન્યા છે. અન્ય રાજ્યોમાં કોંગ્રેસે જેટલું ભેગું કર્યું હતું તેના કરતા પણ વધુ અમિત શાહે ઉત્તરપ્રદેશમાં ભાજપને અપાવ્યું છે. આ પ્રસંગે તેમણે અમિત શાહના વખાણ કરી તેમના જેવા કાર્યકરોની સખત મહેનત અને ધગશના કારણે ભાજપને ભવ્ય સફળતા મળી હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત સમગ્ર ગુજરાતનો મારી ઉપર અધિકાર છે અને હું લોકોનો દિલથી આભાર માનુ છું. હવાઈ મથકે સ્વાગત થયા બાદ નરેન્દ્ર મોદીનો કાફલો મણીનગર રવાના થયો હતો જ્યાં તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તથા મણીનગરના ધારાસભ્ય તરીકેની તેમની છેલ્લી જાહેરસભા સંબોધી હતી અને મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

સીબીએસઈ દ્વારા ધો-૧૦નું ૯૯.૪૦ ટકા પરિણામ

દેશભરના ૫૩૦૦ કેન્દ્રો પર પરીક્ષા લેવામાં આવી હતી

૧૬ લાખથી વધારે વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા

અમદાવાદ, તા. ૨૦

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા આજે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું પરીણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં સરેરાશ ૯૯.૪૦ ટકા રેકોર્ડ બ્રેક પરીણામ જાહેર થતાં વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી સેવાઈ ગઈ હતી. જેમાં વિદ્યાર્થીઓનું પરીણામ ૯૯.૨૫ ટકા અને વિદ્યાર્થીનીઓનું પરીણામ ૯૯.૫૯ ટકા જાહેર કરાયું હતું.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા માર્ચ-૨૦૧૪માં લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષામાં કુલ ૧૩,૨૮,૯૨૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૭,૯૩,૯૪૦ વિદ્યાર્થીઓ અને ૫,૩૫,૦૩૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. દેશના ૫,૩૦૦ પરીક્ષા કેન્દ્રો ખાતેની લેવાયેલ આ પરીક્ષાનું પરીણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬ લાખથી વધુ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહેતા ધોરણ-૧૦નું સરેરાશ પરીણામ ૯૯.૪૦ ટકા જાહેર થયું છે. જેમાં વિદ્યાર્થીઓની તુલનામાં ફરી એક વાર વિદ્યાર્થીનીઓએ બાજી મારવામાં સફળ રહી છે. કારણ કે વિદ્યાર્થીનીઓનું સરેરાશ પરીણામ ૯૯.૫૯ ટકા જાહેર કરાયું છે જ્યારે વિદ્યાર્થીઓનું પરીણામ ૯૯.૨૫ ટકા જાહેર કરાયું છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮.૬૫ ટકા વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાંથી ૧૩,૩૧૧ વિદ્યાર્થીઓએ તો વિદેશમાંથી બોર્ડની પરીક્ષા આપી હતી.

વેજલપુરમાં જ્વેલર્સ દુકાનમાં ૨૦ લાખની દિલધડક લૂંટ

અમદાવાદ શહેરમાં જ્વેલર્સ સોફ્ટ ટાર્ગેટ : પાંચ જેટલા બંદૂકધારી આવી પહોંચ્યા : દાગીનાની લૂંટથી ભારે દહેશત

અમદાવાદ, તા. ૨૦

દેશના બીજા ક્રમના સૌથી સુરક્ષિત ગણાતા અમદાવાદ શહેરમાં ગુંડારાજ સ્થપાઈ ગયું હોય તેમ એક પછી એક ઘટનાઓ બની રહી છે. તાજેતરનો બનાવ બન્યો છે શહેરના વેજલપુર વિસ્તારમાં, જ્યાં લૂંટારૂઓએ બંદુકની અણીએ જ્વેલર્સમાં લૂંટ ચલાવી સનસનાટી મચાવી દીધી છે. પાંચ જેટલા બંદુકધારી લૂંટારૂઓએ ૨૦ લાખના સોનાના દાગીનાની લૂંટ ચલાવી ચકચાર મચાવી દીધી છે.

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં લક્ષ્મીનગર પાસે આવેલ લક્ષ્મ જ્વેલર્સમાં બપોરે પાંચ જેટલા બંદુકધારી લૂંટારૂઓ ઘુસી ગયા હતા બપોરે જ્વેલર્સના માલિક દશરથ માળી દુકાન પર એકલા હતા ત્યારે એક હેમલેટ પહેરેલ, એક બુકાનીધારી અને ત્રણ શખ્સો ખુલ્લા ચહેરે બંદુક સાથે દુકાનમાં ઘુસી

આવી ૨૦ લાખના સોનાના દાગીનાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં વેજલપુર પોલીસ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. અને લૂંટમાં ચોરાયેલ મુદ્દામાલનો ચોક્કસ આંકડો જાણવા અને જ્વેલર્સના સ્ટાફે કાઉન્ટિંગ શરૂ કર્યું હતું. ચૂંટણીનો માહોલ પતે હજુ બે ચાર દિવસ થયા અને પોલીસે માંડ થોડી રાહત લીધી તે તસ્કરો ફરી સક્રિય થઈ ગયા. છેલ્લા ઘણા સમયથી લૂંટારૂઓ જ્વેલર્સને સોફ્ટ ટાર્ગેટ બનાવી રહ્યા છે. પોલીસ દ્વારા સોનીઓને સુરક્ષા આપવાની બાંહેધરી આપી છતાં સોનીઓ પોલીસ સુરક્ષા લેવાનું છેલ્લા ઘણા સમયથી ટાળી રહ્યા છે. જ્વેલર્સને મુખ્યત્વે પરપ્રાંતિય ગેંગ નિશાન બનાવી રહી છે. સીસીટીવી ફુટેજ પ્રમાણે પાંચ લૂંટારૂઓ ત્રાટક્યા હતા. જેમાંથી એક લૂંટારૂએ હેલમેટ પહેર્યું હતું જ્યારે એખ બુકની બાંધી હતી તો ત્રણ ખુલ્લા મોઢે લૂંટ કરવા આવ્યા હતા. જેમાંથી અમુક પાસે બંદુક પણ હતી લૂંટારૂઓએ દશરથભાઈ પર પહેલા હુમલો કર્યો હતો અને હિન્દીમાં ધમકાવ્યા હતા. ગભરાયેલ દશરથભાઈએ લૂંટારૂઓ સામે સરેન્ડર કરી દીધું હતું. તેથી લૂંટારૂઓ લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

ગાંધીનગર જિલ્લામાં ચાર વર્ષમાં બટાટાના ઉત્પાદનમાં ૪૩,૫૮૧ મેટ્રીક ટનનો વધારો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ થકી ખેડૂતોમાં જાગૃતિ આવતા ખેડૂતો આધુનિક ઢબે ખેતી કરતા થયા છે. ગાંધીનગર જિલ્લામાં શિયાળુ, ઉનાળુ અને ચોમાસું દરમ્યાન વિવિધ શાકભાજીનું વાવેતર આધુનિક પધ્ધતિથી કરવામાં આવી રહ્યાં છે. ગાંધીનગર જિલ્લામાં ખરીફ શાકભાજીના ઉત્પાદનમાં ગાંધીનગર તાલુકો મોખરાનું સ્થાન ધરાવે છે. તેમજ રવિઉનાળુ શાકભાજીના ઉત્પાદનમાં દહેગામ તાલુકો -થમ સ્થાન ધરાવે છે. ગાંધીનગર જિલ્લામાં ચાર વર્ષમાં બટાટાના ઉત્પાદનમાં ૪૩,૫૮૧ મેટ્રીક ટનનો વધારો થયો છે. ગાંધીનગર જિલ્લામાં વાવેતર થતાં ખરીફ પાકનું ઉત્પાદન વર્ષ૨૦૧૩૧૪માં સરેરાશ -તિ હેકટરે ૧૮.૭૪ મેટ્રિક ટન છે. જયારે રવિ ઉનાળુ વાવેતર થતાં શાકભાજીનું ઉત્પાદન વર્ષ૨૦૧૩૧૪માં સરેરાશ -તિ હેકટરે ૨૫.૨૨ મેટ્રિક ટન છે.

ગાંધીનગર જિલ્લામાં ચોમાસુ (ખરીફ) દરમ્યાન મુખ્યત્વે ચોળી, રીંગણ, ભીંડા, ટામેટા અને વેલાવાળા શાકભાજીનું વાવેતર કરવામાં આવે છે. ચાર વર્ષના ટુંકા ગાળામાં ખરીફ પાકના ઉત્પાદનમાં ૧૬,૧૩૨ મેટ્રિક ટનનો વધારો થયો છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષ૨૦૧૦૧૧માં ખરીફ પાકનું કુલ ઉત્પાદન ૮૫૪૧૪ મેટ્રિક ટન હતું જેમાં ગાંધીનગર તાલુકામાં ૩૯૫૨૦ મેટ્રિક ટન, દહેગામ તાલુકામાં ૧૬૫૩૯ મેટ્રિક ટન, કલોલમાં ૧૨૮૮૬ મેટ્રિકટન અને માણસામાં ૧૬૬૪૯ મેટ્રિક ટન છે.

રવિ ઉનાળું દરમ્યાન જિલ્લામાં મુખ્ય્ત્વે બટાટા, કોબીજ, ફુલાવર, ભીંડા, ગુવાર અને વેલાવાળ શાકભાજીનું વાવેતર કરવામાં આવે છે. ચાર વર્ષમાં જિલ્લામાં રવિ ઉનાળું પાકના વાવેતરમાં ૧,૬૧૬ હેકટર વધારો થયો છે અને ઉત્પાદનમાં ૫૧૯૧૯ મેટ્રિક ટનનો વધારો થયો છે. ચાર તાલુકામાં છેલ્લા ચાર વર્ષમાં બટાટાના ઉત્પાદનનો ગ્રાફ સતત ઉપર ગયો છે. ચાર વર્ષમાં ગાંધીનગર તાલુકામાં ૮૫૦૦ મેટ્રિક ટન, દહેગામ તાલુકામાં ૩૦,૫૦૦ મેટ્રિક ટન, કલોલ તાલુકામાં ૫૮૭ મેટ્રિક ટન અને માણસા તાલુકામાં ૩,૯૯૪ મેટ્રિક ટન ઉત્પાદનમાં વધારો થયો છે. ચાર વર્ષમાં જિલ્લામાં રવિઉનાળુ શાકભાજીના ઉત્પાદનમાં જોઈએ તો કોબીજમાં ૨૬૨૪ મેટ્રિક ટન, ફુલાવરમાં ૭૮૦ મેટ્રિક ટન, ભીંડામાં ૩૧૬૩ મેટ્રિક ટન, ગુવારમાં ૭૮૨ મેટ્રિક ટન અને અન્ય શાકભાજીમાં ૯૭૬ મેટ્રિક ટનનો વધારો થયો છે. ગાંધીનગર જિલ્લામાં વાવેતર થતા ગાજર, સરગવો, મેથી પાલક, મુળા અને મરચા (સલાડ) જેવા અન્ય શાકભાજીના ઉત્પાદનમાં છેલ્લા ચાર વર્ષમાં ૧,૨૪૧ મેટ્રિક ટનનો વધારો નોધાયો છે.

શબ્દાવલી - ૫૩૯૮



આડી ચાવી

૧. માન, આબરૂનું ભાન (૩)
૩. મદારી, ગાસડી (૨)
૬. મુસ્લિમોનો તહેવાર (૬)
૮. પંચાગ (૩)
૧૦. એક શાક, કોળુ (૪)
૧૩. બેચેન, બાવરૂ (૬)
૧૪. ત્રાસ ફેલાવવાથી સફલતા મળે તેવો રાજકીય મત (૪)
૧૫. ડાળખી, ડાળી (૩)
૧૮. .... ધણી, કર્તાહર્તાના જેવો ભાવ (૪)
૨૧. ઘટનાક્રમ, જીવનચક્ર (૪)

ઊભી ચાવી

૧. ખાતરી, જામીનગીરી (૩)
૨. તણખલું (૩)
૩. બેન્ડવાજા, ... પેટી (૨)
૪. ગરીબ (૨)
૫. ચરબી, શરીરની સ્થૂળતા(૨)
૭. ઇર્ષ્યા કરનાર (૩)
૯. પલકારો (૩)
૧૦. દેવી-દેવતાઓને પહેરાવાતો રેશમીહાર (૩)
૧૧. તીરનો ભાથો એનો પર્યાય શબ્દ આડોઅવળો છે (૪)
૧૨. ભવિષ્યવાણી (૪)
૧૩. ગુજરાતનું સાધન (૪)
૧૬. જા અહીંથી (તુચ્છકારના ભાવમાં) (૨)
૧૭. પસ, પરુ, સાવ પોચું (૨)
૧૯. શ્વાસ, એક રોગ (૨)

શબ્દાવલી ૫૩૯૭ના જવાબ

આડી ચાવી :- (૧) મોસમ (૩) લીપયર (૬) ધરપત (૮) બીયારણ (૧૦) નકાબ (૧૨) માટે (૧૪) સહારે (૧૫) નાતાલ (૧૭) સાખ (૨૦) કાટ (૨) તરફદારી (૨૫) રનવે (૨૬) ટફ

ઊભી ચાવી :- (૧) મોસંબી (૨) મધર ટેરેસા (૩) લીપ (૪) પતન (૫) રજબ (૭) રણ (૯) યામાહા (૧૧) કાબેલ (૧૩) ભીના (૧૪) સહકાર (૧૬) તારીફ (૧૮) ખત (૧૯) શરીફ (૨૧) ટન (૨૩) રઢ (૨૪) દ્યટ

હિટવેવની ચેતવણી જારી થતાં લોકો ચિંતાતુર થયા

અમદાવાદ, તા. ૨૦

અમદાવાદમાં કાળઝાળ ગરમી જારી છે ત્યારે હવામાન વિભાગે હિટવેવની ચેતવણી જારી કરી દીધી છે જેના કારણે લોકોની ચિંતા વધી ગઈ છે. હિટવેવના સકંજામાં લોકો ન આવે તે માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હવામાન વિભાગે ચેતવણી આપતા કહ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન હિટવેવનું મોજુ રહે તેવી શક્યતા છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦.૭ ડિગ્રી રહ્યું હતું. ગાંધીનગરમાં ૪૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું. રાજકોટમાં ૪૧ ડિગ્રી તાપમાન રહ્યું હતું. દરમિયાનમાં ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ સાવચેતીના તમામ પગલા તંત્ર દ્વારા પણ લેવામાં આવી રહ્યા છે. રોગચાળાને ડામવા માટે તંત્રએ કમરકસી લીધી છે. મચ્છરજન્ય તેમજ પાણીજન્ય રોગચાળો પણ તીવ્ર ગરમીની વચ્ચે ખૂબ વધતો ગયો છે.

પ્રથમ મહિલા મુખ્યપ્રધાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિલાઓના અધિકાર અને દેશમાં મહિલાઓની સલામતી સંબંધિત મુદ્દાઓ સંસદ સમક્ષ રજૂ કર્યા. રાજ્યસભાના સભ્ય તરીકે અને ભારતના પ્રતિનિધિ તરીકે બેઈજિંગ (ચાઈના) ખાતે ચોથી વિશ્વ મહિલા સંમેલનમાં ભાગ લીધો.

ફેબ્રુઆરી ૧૯૯૮માં ગુજરાતમાં માંડલથી તેમણે પ્રથમ વિધાનસભા ચૂંટણી જીતી. કેશુભાઈ પટેલ દ્વારા નવી રચાયેલી સરકારમાં તેઓ શિક્ષણ પ્રધાન અને મહિલા અને બાળકલ્યાણ વિભાગના પ્રધાન બન્યા. પછીથી તેઓ કેબિનેટ મંત્રી પણ બન્યા. કોઈપણ શિક્ષણ મંત્રી બીજીવાર સત્તામાં ના આવે. એવી લોક પ્રચલિત માન્યતા તોડી આનંદીબેન સળંગ બીજી વિધાનસભા ચૂંટણી પાટણથી જીત્યા. શિક્ષણમંત્રી તરીકે તેમણે 'કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ'ની શરૂઆત કરી. તેમણેજ મહિલા અને બાળ વિકાસ વિભાગને અલગ બનાવવા પહેલ કરી અને 'બેટી બચાવો' અભિયાન શરૂ કર્યું.

૨૦૦૯માં આનંદીબેન સતત ત્રીજી વખત વિધાનસભા ચૂંટણી જિત્યા અને ગુજરાતની સેવામાં એક દશક પુરો કર્યો તેમને મહેસુલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, મહિલા અને બાળકલ્યાણ વિભાગની જવાબદારી આપવામાં આવી. ૨૦૧૨માં આનંદીબેન ઘાટલોડીયા મતવિસ્તારમાં ૧,૧૦,૩૯૫ મતોના સૌથી વધુ ગાળાથી ચોથીવાર વિધાનસભા ચૂંટણી જીત્યા. તેઓ હાલમાં કેબિનેટ મંત્રી હોવા સાથે ગુજરાત કેબિનેટના પાંચ મુખ્ય વિભાગો સંભાળે છે. મહેસુલ મંત્રી તરીકે નર્મદાની સબ કેનાલોના કામ ઝડપથી પૂર્ણ થાય અને ખેડૂતોના પ્રાણ પ્રશ્નોનો ઉકેલ આવે તે માટે ૧૦ જિલ્લાઓમાં સતત ખેડૂતોને મળી જમીન સંપાદનના પ્રશ્નોનો સર્વસંમતિથી ઉકેલ્યા

માર્ગ અને મકાન વિભાગના મંત્રી તરીકે ગુજરાતમાં થયેલ કામગીરીને કારણે ગુજરાત રાજ્ય ગ્રોથ એન્જીન ઓફ ઈન્ડિયા બન્યું છે. આ ઉપરાંત સરકારી મકાનો જેવા કે જિલ્લા/તાલુકા સેવા સદનો કે અન્ય સરકારી કચેરીઓ આધુનિક ડીઝાઈનથી સુવિધાસભર બનાવવામાં આવ્યા છે.

તેઓએ મહેસુલ વિભાગ દ્વારા લોકોની સાર્વત્રીક વિકાસની માંગને પહોંચી વળવા જનસેવા કેન્દ્રો, એકવારી પદ્ધતિ, ઈ-ગ્રામ, રેકર્ડ ઓફ રાઈટની ઓન લાઈન ઉપલબ્ધિ, ઈ-ગવર્નન્સ, બીનખેતીની કામગીરી દ્વારા નાનામાં નાના ગરીબ ખેડૂતને પણ ક્યાંક અન્યાય ન થાય અને સરળ રીતે તેનું કામ થાય તે માટે અનેક સુધારા કર્યા છે.

રાજ્યાભિષેક...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ રાષ્ટ્રપતિને મળવા પહોંચ્યું હતું. એલકે અડવાણીના નેતૃત્વમાં એનડીએના નેતાઓ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારને ટેકો આપવા અંગે જાણ કરી રાષ્ટ્રપતિને મળ્યા હતા. આની સાથે જ સરકાર રચવાની પ્રક્રિયા પણ જારી રહી હતી. રાજનાથસિંહે સમર્થન પત્રો રાષ્ટ્રપતિને સોંપ્યા હતા. એનડીએના નેતાઓ સાથે તેઓ રાષ્ટ્રપતિને મળ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં પત્રકારો સાથે વાતચીત કરતા રાજનાથે કહ્યું હતું કે, આજે અમે સંસદીય પક્ષની મિટિંગ યોજી છે જેમાં અમારા નેતા તરીકે નરેન્દ્ર મોદીના નામ ઉપર સર્વસંમતિ થઈ છે. તમામ એનડીએના સાથીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજનાથે કહ્યું હતું કે, ભાજપ એનડીએના ૧૦ સાથી પક્ષોના સમર્થન પત્રો પણ ધરાવે છે. કુલ ૩૩૫ સાંસદો સાથે એનડીએ સ્પષ્ટ બહુમતિ ધરાવે છે. અગાઉ નરેન્દ્ર મોદી સરકારની રચનાની પ્રક્રિયા આજે વિધિવત રીતે શરૂ થઈ ગઈ હતી. આજે સંસદ ભવનમાં ભાજપ સંસદીય દળની બેઠક યોજાઈ હતી. જેમાં નરેન્દ્ર મોદીને સંસદીય દળના નેતા તરીકે સર્વસંમતિથી ચૂંટી કાઢવામાં આવ્યા હતા. સૌથી મહત્વપૂર્ણ બાબત એ રહી હતી કે પક્ષના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ સંસદીય દળના નેતા તરીકે મોદીના નામની દરખાસ્ત મુકી હતી. ત્યારબાદ આને તમામે સમર્થન આપ્યું હતુ. ભાજપ સસંદીય દળની બેઠક બાદ એનડીએની બેઠક યોજાઈ હતી. જેમાં મોદીના નામ પર સહમતી બની હતી. મોદી આજે સંસદીય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ વડાપ્રધાન બનવાનો રસ્તો સાફ થયો હતો. ઉપરાંત એનડીએના નેતા તરીકે પણ તેમની પસંદગી કરવામાં આવી હતી. લાલકૃષ્ણ અડવાણીએ તેમના નામનો પ્રસ્તાવ મુક્યો હતો. ત્યારબાદ મુરલી મનોહર જોશી, વેંકૈયા નાયડુ, નિતીન ગડકરી, સુષ્મા સ્વરાજ અને અરુણ જેટલી સહિતના અન્ય નેતાઓએ પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું.

સ્થાનિક ભાવોની જાહેર નિવિદા સને ૨૦૧૪-૧૫

કાર્યપાલક ઈજનેરશ્રી, વાત્રક યોજના નહેર વિભાગ, પ્રાંતકચેરી પાસે, મોડાસા, જી. સા.કાં., પીન-૩૮૩૩૧૫ (ફોન-૦૨૭૭૪-૨૪૩૨૨૧)ની કચેરી દ્વારા મોડાસા અને બાયડ ખાતે ફક્ત ઝેરોક્ષ મશીન ધરાવતા ઈસમો પાસેતી રજી.પો.એ.ડી. દ્વારા સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. નીચે દર્શાવેલ કામોના કોરા ભાવપત્રકો કચેરી સમય દરમિયાન (જાહેર રજાના દિવસો સિવાય) તા. ૩૦/૫/૨૦૧૪ સુધી જરૂરી ફી લઈ આપવામાં આવશે અને ભરેલ ભાવપત્રકો તા. ૬/૬/૨૦૧૪ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં પરત સ્વીકારવામાં આવશે. વધુ વિગતો માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવો.

અ. નં.	કામનું નામ	અંદાજીત રકમ રૂ.	બાનાની રકમ રૂ.	ટેન્ડર ફી.રૂ.
૧.	ઝેરોક્ષ કામ (મોડાસા ખાતેની વિભાગીય કચેરી તથા પેટા વિભાગીય કચેરીનું)	૬૦,૦૦૦	૧,૦૦૦	૩૦૦/-
૨.	ઝેરોક્ષ કામ (બાયડ ખાતેની ત્રણ પેટા વિભાગીય કચેરીનું)	૫૦,૦૦૦	૧,૦૦૦	૩૦૦/-

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૨૩/૨૦૧૪

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

પહેલે માળ, નેપ્ચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

ટૂંકી નિવિદા

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ પોતાની કચેરીમાં પ્રીમીયમ ક્વોલીટીની સન કન્ટ્રોલ ફિલ્મ લગાવવા ઈચ્છે છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ ભાવો સીલબંધ કવરમાં ફક્ત આર.પી.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીએ તા. ૨૯/૫/૨૦૧૪ના ૫.૦૦ કલાક સુધીમાં પહોંચાડવાના રહેશે.

વધુ વિગત માટે www.gercin.org પર લોગ ઓન કરો.

માહિતી/૧૦૧/૧૪-૧૫ નાયબ નિયામક (વહીવટ/હિસાબ)

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ટર ડેવલપમેન્ટ બોર્ડ

બ્લોક નં. ૧૮, ૯મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

જાહેરાત

અત્રેના બોર્ડનું એસ્ટીમ વાહન નં. જીજે-૧૮-એ-૨૮૭૯ (સીએનજી) મોડલ જુલાઈ-૧૯૯૯ જે હાલતમાં છે તે હાલતમાં વેચવાનું છે. વાહનની તળીયાની કિંમત રૂ. ૭૫,૦૦૦ નિયત કરવામાં આવેલ છે. રસ ધરાવતી વ્યક્તિઓ તેઓના ભાવ સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭ની અંદર મોકલી આપવાના રહેશે. આ વાહન રૂબરૂ જોવા માટે ઉપરોક્ત કચેરી ખાતે (જાહેર રજાના દિવસો સિવાય) સીનીયર મેનેજર (એડમીન)નો સંપર્ક કરવો. કોઈપણ ભાવ સ્વીકારવાની કે તમામ ભાવો રદ કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીની રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી

જાહેર ખબર

ખાનગી બિન-અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં વિનામૂલ્યે પ્રવેશ

બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમ-૨૦૧૨ અન્વયે રાજ્ય સરકારે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બિન-અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં પહેલા ધોરણમાં નબળા અને વંચિત જૂથના કુલ-૨૦૦ (બસો) બાળકોને જૂન-૨૦૧૪થી ધોરણ-૧માં વિના મૂલ્યે પ્રવેશ આપવાનો નિર્ણય કરેલ છે.

નબળા અને વંચિત જૂથના બાળકોના મા-બાપ વાલીઓ પાસેથી નિયત અરજીપત્રકમાં જરૂરી આધારો અને આવકના પ્રમાણપત્ર સાથે અરજીઓ મંગાવવામાં આવે છે. નિયત અરજીપત્રક નીચે દર્શાવેલ સ્થળેથી તા. ૨૨/૫/૨૦૧૪થી તા. ૩૧/૫/૨૦૧૪ સુધી ઉપલબ્ધ થશે. ભરેલા અરજીપત્રક નીચે દર્શાવેલ શરતો મુજબ સ્થળ પર તા. ૭/૬/૨૦૧૪ સુધીમાં સ્વીકારવામાં આવશે.

નબળા અને વંચિત જૂથના બાળકોની વ્યાખ્યામાં પ્રવેશ માટે તેમજ અગ્રતા ક્રમ માટે શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃ ખપશ/૧૦/૨૦૧૨ /૭૨૭૬૪૬ / ચ થી જોગવાઈ કરવામાં આવેલ છે. જે મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ ઠરાવ ગુજરાત સરકારની શિક્ષણ વિભાગની વેબસાઈટ www.gujarateducation.gov.in પર પણ ઉપલબ્ધ છે. વધુ માહિતી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જિલ્લા પંચાયત ગાંધીનગર સેક્ટર-૧૭ ગાંધીનગરની કચેરી ઉપર ઉપલબ્ધ બની શકશે તેમજ પ્રવેશ અંગેની કાર્યક્રમની વિગતો સંબંધિત શાળાના નોટીસ બોર્ડ ઉપર પણ ઉપલબ્ધ બનશે.

સ્થળ : બી.આર.સી. ભવન, સરકારી પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં સીવીલ હોસ્પિટલની પાછળ, સેક્ટર-૧૨, ગાંધીનગર

શરતો : (૧) જ. તા.૧/૬/૨૦૧૪ના રોજ પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોવા જોઈએ. (૨) બી.પી.એલ. યાદીમાં આવતા કુટુંબના બાળકો, (૩) બી.પી.એલ. યાદીમાં ન આવતા હોય તેવા કિસ્સામાં રૂ. ૨૭૦૦૦/- વાર્ષિક આવક ધરાવતા કુટુંબના બાળકો, (૪) અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૨ (બે) લાખ સુધી, (૫) વિકસતી જાતિ અને શા.શૈ. પછાત કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧ (એક) લાખ સુધી, (૬) રહેઠાણથી ૬ કિ.મી. સુધીની નજીકની પડોશી શાળાને પસંદગી આપવાની રહેશે.

નિયત સમય મર્યાદામાં ન મળેલ અને જરૂરી શરતો દર્શાવ્યા મુજબના આધાર વિના રજુ કરેલ અરજી પત્રક ધ્યાને લેવામાં આવશે નહી જેની નોંધ લેવી.

સ્થળ : ગાંધીનગર — જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
તારીખ : ૧૯/૫/૨૦૧૪ — જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ
માહિતી/૧૧૬/૧૪-૧૫ — ગાંધીનગર